# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૦ તા.૨૨-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- છાત્ર સન્માન કાર્યક્રમ બાબત.

સંદર્ભ :- અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ પરિવાર કલ્યાણ વિકાસ ટ્રસ્ટનો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ પરિવાર કલ્યાણ વિકાસ ટ્રસ્ટ દ્વારા મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષક, શિક્ષકશ્રીઓ સહિત તમામ કર્મચારીઓના સંતાનો કે જેમણે માર્ચ/એપ્રિલ-૨૦૨૨માં લેવાયેલ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ના તમામ પ્રવાહમાં ૭૫% કે તેથી વધુ ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું આયોજન કરેલ છે. તો નીચે દર્શાવેલ માહિતી તા.૩૧-૦૭-૨૦૨૨ સુધીમાં વિદ્યાર્થીઓની પ્રમાણિત કરેલ માર્કશીટને બાળસંરક્ષણ ગૃહ, કામા હોટલાની બાજુમાં, ખાનપુર, અમદાવાદ ખાતે રૂબરૂ અથવા ટપાલ દ્વારા મોકલી આપવા જણાવવામાં આવે છે.

:: માર્કશીટની પાછળ લખવાની વિગત ::

| ક્રમ | વિગત | |
|---|---|---|
| ૧ | શિક્ષક/કર્મચારીનું નામ | : |
| ૨ | શાળા / ઓફિસનું નામ | : |
| ૩ | ટેલિફોન / મોબાઈલ નંબર | : |
| ૪ | વિદ્યાર્થીનું નામ | : |
| ૫ | ધોરણ | : |
| ૬ | ઘરનું સરનામું | : |
| ૭ | મેળવેલ ટકા (%) | : |

તા.૨૨-૦૬-૨૦૨૨

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૩૦-A તા.૨૨-૦૬-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : રાષ્ટ્રીય પારિતોષિક-૨૦૨૨ની નવી માર્ગદર્શિકા મુજબ ઓનલાઇન ડેટા એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ : ક્રમાંકઃજિશિઅ/રા.એવોર્ડ/૨૦૨૨/૩૩૫૯ તા.૨૧/૦૬/૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, નવી દિલ્હી દ્વારા શિક્ષકો માટેની રાષ્ટ્રીય પારિતોષિક યોજના અમલમાં છે. જે સક્ષમ શિક્ષકો રાષ્ટ્રીય પારિતોષિક - ૨૦૨૨ માટે દરખાસ્ત કરવા ઇચ્છતા હોય તેઓએ પોતાના નામની નોંધણી તા.૦૧/૦૬/૨૦૨૨ થી તા.૩૦/૦૬/૨૦૨૨ દરમ્યાન MHRDની વેબસાઇટ http://nationalawardstoteachers.education.gov.in ઉપર કરવાની રહેશે અને આ સાથે સામેલ સંદર્ભિત પત્ર અને માર્ગદર્શિકાની સુચનાઓનો જરૂરી નિયમોનુસાર અમલ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૨૨-૦૬-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઇ<br>
શાસનાધિકારી

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર
Azadi Ka Amrit Mahotsav બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨ आज़ादी का अमृत महोत्सव

ક્રમાંક:જિશિઅ/રા.એવોર્ડ/૨૦૨૨/ ૩૩૫૯ તા. ૨૧/૦૬/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક/ માધ્યમિક /ઉ.મા.શાળાઓ તમામ ,
અમદાવાદ શહેર.

વિષય :- રાષ્ટ્રીય પારિતોષિક -૨૦૨૨ ની નવી માર્ગદર્શિકા મુજબ **online** ડેટા એન્ટ્રી કરવા બાબત
સંદર્ભ-: 1.પ્રાથમિક નિયામકશ્રીની કચેરી:ક્રમાંક ગાંધીનગરનાં પત્ર,પ્રાશિનિ./ જ/રા. એવોર્ડ ૨૦૨૨ /૧૯૨૧-૨૦૦૬ તા.૩૦/૫/૨૦૨૨
2. પ્રાથમિક નિયામકશ્રીની કચેરી-:ક્રમાંક ગાંધીનગરનાં પત્ર, પ્રાશિનિ./ જ/રા.એવોર્ડ ૨૦૨૨ /2097-2182 તા.૨૧/૬/૨૦૨૨

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ ૧ અને ૨ પરત્વે જણાવવાનું કે માનવ સંસાધન વિકાસ મંત્રાલય ,શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ ,નવી દિલ્હી દ્વારા ' શિક્ષકો માટેની રાષ્ટ્રીય પારિતોષિક ' યોજના અમલમાં છે. જે અંતર્ગત સદર અધિકૃત વિભાગ દ્વારા નવી (સુધારેલ ) માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવી છે.જે માનવ સંસાધન વિકાસ મંત્રાલય ,શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ ,નવી દિલ્હી ના તા.૨૭/૫/૨૦૨૨ ના પત્રની નકલ આ સાથે સામેલ છે.

ઉક્ત માર્ગદર્શિકામાંની સૂચનાઓ અન્વયે , જે સક્ષમ શિક્ષકો રાષ્ટ્રીય પારિતોષિક - ૨૦૨૨ માટે દરખાસ્ત કરવા ઈચ્છતા હોય તેઓએ પોતાના નામની નોંધણી તા.૦૧/૦૬/૨૦૨૨ થી ૩૦/૬/૨૦૨૨ દરમ્યાન MHRD ની વેબસાઈટ (http://nationalawardstoteachers.education.gov.in) ઉપર કરવાની રહેશે .

નોંધ :- વધુ માહિતી માટે બીડાણ માં સામેલ સંદર્ભ પત્ર અને વેબસાઈટ ની સુચનાઓનો અમલ કરવાનો રહેશે .

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

બીડાણસંદર્ભ-: પત્ર

નકલ રવાના જાણ તથા અમલ સારૂ -:

૧. જીલ્લા શિક્ષણાધિકારિશ્રી,અમદાવાદ ગ્રામ્ય.
૨.જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ,જીલ્લા પંચાયત,અમદાવાદ
૩.શાસનાધિકારીશ્રી,શાસનાધિકારી કચેરી,અમદાવાદ
૪.સદર કચેરીના તમામ શિક્ષણ નિરિક્ષકઆપની બીટ).મદદનીશ શિક્ષણ નિરિક્ષક/ની તમામ શાળાઓને તેમજ એસ ને ઉપરોક્ત બાબતની જાણ.એસ.વી.કરી શાળાઓ દ્વારા વધુમાં વધુ દરખાસ્ત રજુ થાય(.

નકલ સવિનય રવાના-:

૧.પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,બ્લોક૧૨-,ગાંધીનગર.
૨.પ્રાચાર્યશ્રી,જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,રાયખડ,અમદાવાદ

E-Mail Address – ahmcdeo@gmail.com Phone No.:- 079-26442961